નોર્થ ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈ સંચાલિત

# શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટ્સ કોલેજ, પાટણ

તા.૧૮/૧૦/૨૦૨૪

# સ્કોલરશીપ મેળવતા તમામ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન સ્કોલરશીપનાં ફોર્મ ભરવા અંગેની અગત્યની સૂચના

**ખાસ નોંધ :–**

**ઓનલાઈન શિષ્યવૃતિ ફોર્મ Digital Gujarat Portal પર ભરવાના રહેશે. ઓનલાઈન શિષ્યવૃત્તિ ફોર્મ ભરતા પહેલા ફરજિયાતપણે જરૂરી સૂચનાઓ કોલેજની વેબસાઈટ / કોલેજની એપ / કોલેજનું નોટીસ બોર્ડમાં વાંચ્યા પછી શિષ્યવૃત્તિ ફોર્મ ભરવા જવું.**

આથી શિષ્યવૃત્તિનું ફોર્મ ભરતા તમામ વિદ્યાર્થીઓને જણાવવાનું કે શિષ્યવૃત્તિના ફોર્મમાં ભૂલો ન થાય અને વિદ્યાર્થીઓને એક જ વાર સાયબર કાફેમાં ફોર્મ ભરી સબમિટ આપી શકે તે માટે આપણી કૉલેજની ઍપ ARTS COLLEGE PATAN ઉપર અને વેબસાઈટ patanarts.org ઉપર શિષ્યવૃત્તિ ફોર્મ ભરવા અંગેની વિગતવાર સ્ટેપવાઈઝ સૂચનાઓ મુકવામાં આવેલ છે. જો કે આ સૂચનાઓને વિદ્યાર્થીઓ ધ્યાને લીધા વગર જેમ સાયબરકાફે ઑપરેટર ફોર્મ ભરી આપે તે જ લઈને કૉલેજમાં જમા કરાવવા આવી જતા હોય છે. જેથી વિદ્યાર્થીઓને સાયબરકાફે અને કૉલેજમાં વારંવાર ધક્કા ખાવા પડે છે. જેથી પોતાનો સમય ન બગડે અને એક જ વારમાં સાયબરકાફેમાં કામ પૂરું થાય તેની વિદ્યાર્થીઓએ કાળજી લેવી. ત્યારબાદ જ ઓનલાઈન ફોર્મ અને ડોક્યુમેન્ટ્સ (દસ્તાવેજો) સાથે કોલેજમાં જમા કરાવવા આવવું.

☞ **પ્રથમ વિદ્યાર્થીઓએ Digital Gujarat Portal વેબસાઈટ Citizen તરીકે નવા રજીસ્ટ્રેશન શિષ્યવૃત્તિ ફોર્મ માટે રજીસ્ટ્રેશન કરાવતી વખતે આધાર નંબર, ઈ–મેઈલ આઈ.ડી. અને મોબાઈલ નંબર વિદ્યાર્થીનો પોતાનો જ હોવાં ફરજિયાત છે.**

☞ **જેમાં વિદ્યાર્થીઓને SMS થી તેમજ પોતાના ઈ–મેઈલ આઈ.ડી. શિષ્યવૃત્તિની તમામ માહિતી તે જ મોબાઈલ નંબર ઉપર આપવામાં આવશે. જયાં સુધી શિષ્યવૃત્તિ / સહાય મળી ન જાય ત્યાં સુધી મોબાઈલ નંબર ચાલુ હાલતમાં રાખવાનો રહેશે. આ અંગેની સઘળી જવાબદારી જે–તે વિદ્યાર્થીની રહેશે.**

☞ **સરકારશ્રીની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની ગાઈડ લાઈન મુજબ વિદ્યાર્થીઓની હાજરી ૭૫ % ફરજીયાત હોવી જોઈએ**